વાર્ષિક  લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

**શાસન શિરોમણિ, નિશ્ચયરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ પ્રકાશક, ભાવિના ભગવાન, જિનેન્દ્ર લઘુનંદન વહાલા કહાનગુરુની ૧૩૪મી જન્મજયંતીના મંગલકારી પ્રસંગે તેઓશ્રીના પાવન પાદપંકજમાં શત શત વંદન હો !**





ગુરુદેવ તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતાં, અલૌકિક એમનું પરિણમન હતું ને પુણ્યનો – વાણીનો યોગ પણ કોઈ અલૌકિક સાતિશય યોગ હતો. ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. સાંભળનારને તો કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું મીઠું લાગે. કેટલાક જીવોને તો એવું લાગ્યું છે કે જાણે કોઈ દૈવીવાણી આવે છે !! એક અસાધારણ યુગપુરુષ જેવું ગુરુદેવનું વ્યક્તિત્વ હતું અને કર્તૃત્વ પણ એવું જ હતું. –પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૯ : અંક-૩૦૪, વર્ષ-૨૫, એપ્રિલ-૨૦૨૩


**શ્રાવણ સુદ ૪, શુક્રવાર, તા.૨૨-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૯૭,૯૮, પ્રવચન-૪૧**





પરમ સમાધિ શિવસુખનું કારણ છે

वज्जिय सयल-वियप्पइँ, परम-समाहि लहंति।
जं विंदहिं साणंदु क वि, सो सिव-सुक्खँ भणंति।।९७।।

તજી કલ્પના જાણ સૌ, પરમ સમાધિલીન;
વેદે જે આનંદને, શિવસુખ કહેતા જિન. ૯૭.

અન્વયાર્થ : (सयल-वियप्पइँ वज्जिय) સર્વ વિકલ્પોનો ત્યાગ કરીને (परम समाहि लहंति) જે પરમ સમાધિ પ્રાપ્ત કરે છે (जं कवि साणंदु विंदहि) તે કાંઈક આનંદનો અનુભવ કરે છે, (सो सिव सुक्खँ भणंति) આ જ સુખને મોક્ષનું સુખ કહે છે.

'યોગીન્દ્રદેવ' કૃત આ 'યોગસાર' શાસ્ત્ર છે. યોગસારનો અર્થ એ છે કે વાસ્તવિક આત્માનું જે સ્વરૂપ છે તેમાં એકાગ્ર થવાની ક્રિયાને અહીંયાં યોગસાર કહે છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પ, એમાં એકાગ્ર તો અનાદિનો છે. તે તો સંસાર છે, દુઃખરૂપ છે. વિકારનો અનુભવ છે સંસારનો. એનાથી યોગ એટલે આત્માના શુદ્ધ સ્વરૂપમાં, પવિત્ર આત્મા, પોતાનું આત્મદ્રવ્ય પોતાના સ્વભાવથી ખાલી નથી, વસ્તુ પોતે છે તે વસ્તુ સ્વભાવથી રહિતખાલી હોય નહિ, એનો ત્રિકાળ સ્વભાવ આનંદ ને જ્ઞાન છે, એવા સ્વભાવથી રહિત હોઈ શકે નહિ. એવા આત્મામાં એકાકાર થવું એને અહીંયાં યોગસાર કહે છે, એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. ૯૭. અનંત સુખનું અથવા 'પરમ સમાધિ શિવસુખનું કારણ.'

वज्जिय सयल-वियप्पइँ, परम-समाहि लहंति।
जं विंदहिं साणंदु क वि, सो सिव-सुक्खँ भणंति।।९७।।

સર્વ વિકલ્પને છોડીને, જુઓ! વિકલ્પો છે ખરા.

આત્મા પોતાના આનંદ અને અનંત ગુણના શુદ્ધ સ્વભાવથી કોઈ દિ' રહિત થયો જ નથી, છતાં અનાદિ એની દશામાં, દશા એટલે હાલતમાં, રાગના વિકલ્પો, વાસના છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો એટલે વાસનાવિકૃતિ, લાગણી છે એને છોડીને. અનાદિ કાંઈ શુદ્ધ નથી દશામાં. સ્વભાવથી શુદ્ધ કોઈ દિ' ખાલી નથી, એ જુદી વાત થઈ પણ એની દશામાં હાલતમાં અનાદિથી શુદ્ધ છે, એમ નથી. અનાદિથી શુદ્ધ હોય તો એને શુદ્ધ કરવાનો પ્રયત્નપુરુષાર્થ કાંઈ રહેતો નથી. એટલે અનાદિથી એની દશામાં પોતાના સ્વભાવને ભૂલી પર સ્વભાવનાં લક્ષે અનેક પ્રકારનાં શુભ અને અશુભ ભાવો ઉત્પન્ન કરે છે એ દુઃખરૂપ દશા છે, એને છોડીને એમ કહ્યું.

આ તો બહુ ટુંકામાં વાત છે ને એકદમ સાર સાર સાર છે. યોગ એટલે મોક્ષનો માર્ગ એનો પણ આ સાર. જેમ 'નિયમસાર'. નિયમ એટલે મોક્ષનો માર્ગ, સાર એટલે વ્યવહાર વિપરીતતા આદિ નિશ્ચયથી વિપરીત વ્યવહાર, એનાથી રહિત. ભગવાનઆત્મા જેને આત્માની હિતની લાગણી છે (કે) અરે..! અનંતકાળથી આ આત્મા રખડ્યો, એની દયા એને આવતી હોય. અરે..! આ કેટલો રખડ્યો. આહાહા..! ક્યાંય કાળનો આરો નહિ ને ભાવના દુઃખની કલ્પનાનો પાર નહિ. તેથી પહેલેથી ઉપાડ્યું છે ને? 'ચાર ગતિ દુઃખથી ડરી' .... એ કંઈ વાતની વાત નથી. એને એમ લાગવું જોઈએ કે, હું એક આત્મા છું અને આ ચીજ ને આ અનાદિકાળથી પરિભ્રમણનાં દુઃખ શું? પરિભ્રમણ ચાર ગતિનાં ચોરાશીના અવતાર એવા એના દુઃખની જ દશા ને દુઃખની જ ખાણ સંસાર. એમ જેને લાગે એને કહે છે કે, આત્માનું હિત કરવું હોય તો એ વિકલ્પની ઝાળો જે શુભ-અશુભ આદિ સંસાર વિકાર ભાવ, એનું લક્ષ છોડી દે. પહેલું એનું લક્ષ છોડી દે અને વસ્તુ સ્વભાવ અનંત આનંદ ને શાંતિ સમાધિથી ભરેલો એ પદાર્થ છે. એનો વિશ્વાસ કર, એટલે એનું સમ્યગ્દર્શન પ્રગટ કર. સમજાય છે કાંઈ?

શાંતિ ને આનંદ હોય તે મારા સ્થાનમાં, મારા ક્ષેત્રમાં, મારા ભાવમાં છે. એમ વિકારમાં શાંતિ અને સુખ અનાદિથી માન્યું એણે આમ ગુલાંટ ખાઈને, રાગની એકત્વબુદ્ધિ છોડી, સ્વભાવની એકતા કરી. આત્મામાં આનંદ છે, શાંતિ છે એના સ્વાદ આગળ જગતનાં બધા સ્વાદો ફિક્કાં છે, એમ જ્યારે દ્દષ્ટિ થાય પછી વિકલ્પને છોડીને સ્થિર થાય. આ તો ચારિત્રનાં અધિકારની વિશેષ વાત છે ને! વિકલ્પને છોડી '(परम समाहि लहंति)' પરમ શાંતિ પામે. ભગવાનઆત્મામાં જે શાંતિ.. શાંતિ.. જેનો સ્વભાવ (છે). સમાધિ કહો, શાંતિ કહો, સમભાવરૂપ અમૃત, સમસ્વરૂપે અમૃત વીતરાગભાવ કહો એવો જે આત્મા, એ વિકલ્પને છોડી અને નિર્વિકલ્પ આનંદનાં લાભને પામે એને પરમ શાંતિ પામે એમ કહે છે.

**'જે પરમ સમાધિને પ્રાપ્ત કરે છે.'** આ પર્યાયની વાત છે, હોં! વસ્તુ તો ત્રિકાળ ત્રિકાળ પરમ શાંતિ ને સમાધિથી જ ભરેલો પદાર્થ છે. વસ્તુ હોય એનો નિર્દોષ સ્વભાવ જ હોય. વસ્તુનો કોઈ સદોષ સ્વભાવ ન હોય. સદોષતા તો દશામાં હાલતમાં પર્યાયમાં હોય. વસ્તુ તો નિર્દોષ સ્વભાવથી ભરેલો (પદાર્થ છે). નિર્દોષ સ્વભાવ કહો કે સમાધિ સ્વરૂપ કહો કે વીતરાગ સમરસ કહો. એવા આત્માનો અનુભવ કરવો પુણ્ય-પાપનાં વિકલ્પને છોડીને તો એ શાંતિને પામે છે. એ શાંતિ એટલે આત્માના આનંદના સુખને પામે છે. અહીં તો બહુ જ ટૂંકામાં અને રોકડિયાની વાત છે. સમજાણું કાંઈ? આ સંસારમાં પણ રોકડિયો ધંધો (છે). જેટલા વિકલ્પો કરે તેટલું દુઃખ તે જ કાળે છે. વળી કર્મ બાંધશે ને સંયોગ મળશે એ તો બહારની ચીજ રહી, પણ જેટલા આત્માના સ્વભાવથી વિપરીત ભાવો કર્યા તે ભાવ દુઃખનું વેદન તે જ કાળે છે. ૧૦૨ ગાથામાં આવે છે ને? 'તે સમયે કર્તા અને તે સમયે ભોક્તા' **'करइ वेदइ'** ૧૦૨ (ગાથા), 'કર્તા-કર્મ (અધિકાર) 'સમયસાર'. તે સમયે ભોગવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે જેટલા પુણ્ય-પાપના ભાવ વિકારી કરે એનું રોકડિયું દુઃખ તે કાળે છે. રોકડિયું સમજ્યા? ધંધો કરે છે, કોઈ રોકડિયા ધંધા કરે. કોઈ ઉધારનાં ધંધા કરે. પહેલા પૈસા મૂક, પછી ધંધો. આ વકીલોનો એવો ધંધો હોય. અમે ક્યાં ઉઘરાણી લેવા જઈએ તારા ઘરે? એમ

અહીં કહે છે કે, રોકડિયો ધંધો (છે). ભગવાનઆત્મા પોતાનાં સ્વભાવથી ભરેલો પદાર્થ છે, એને ભૂલીને જેટલા વિકારી ભાવ કરે તે રોકડિયું દુઃખ છે, તે જ ક્ષણે એને દુઃખ છે. બરાબર હશે આ? આ બધા લહેર કરતાં દેખાય છે ને? આ બધા પૈસા ખાવાવાળા, કેળા, પૂરી ઉડાવે, દૂધપાક ને પતરવેલિયાના ઊના ઊના ભજીયા ને એમાં વળી જુવાનિયા ભેગા થયા હોય ને એમા પાંચ પચાસ લાખની પેદાશ થઈ હોય ને પછી જુઓ એનો જલસો ઉડતો હોય. એ સુખ હશે કે શું હશે?

કહે છે કે, ભાઈ! આત્મા આનંદસ્વરૂપ છે પ્રભુ, એ અતીન્દ્રિય સમાધિનો પિંડ પ્રભુ છે. જેમ ચૈતન્ય પિંડ છે એ જ્ઞાનની અપેક્ષાએ, આનંદ પિંડ છે એ સુખની અપેક્ષાએ, એમ ચારિત્રનો પિંડ છે એ સમભાવની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એ સમાધિ સમભાવ. એ સમભાવનો પિંડ છે. અને ઓલો સુખનો પિંડ કીધો (એટલે) એ દરેક એક એક ગુણનો એ પિંડ છે, એક એક ગુણથી આખું પડ્યું છે. એક ગુણ સર્વવ્યાપક છે ને? એટલે એક ગુણથી જુઓ તો એક ગુણમય જ બધું ભેગું છે. એવા આત્માને અંતર રુચિ અને જ્ઞાનમાં ન લેતાં પર પદાર્થની રુચિ અને જ્ઞેય બનાવીને પરનું જ્ઞાન કરતાં, એમાં રાગ ને દ્વેષની ઉત્પત્તિ કરતાં, પરની શ્રદ્ધા ને પરનું જ્ઞાન ને પર સંબંધીના પુણ્ય-પાપના રાગ-દ્વેષના વિકલ્પ બસ! એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

એને કહે છે કે વર્જીને **'परम शांति लहंति'** ભગવાનઆત્મા એ દુઃખની દાવાનળની વિકલ્પની ઝાળું, એને છોડે એટલે ભગવાનઆત્મા આનંદસ્વરૂપ અથવા સમરસ વીતરાગ સ્વરૂપ તેમાં એકાકાર થતાં તેને સમરસનો શાંતિનો સ્વાદ આવે, આ એને ધર્મ કહે છે. આહાહા..! ભારે ધર્મની વ્યાખ્યા, ભાઈ! એ સામાયિકની વાત આપણે બપોરે આવી ગઈ છે ને હજી આમાં સામાયિકની વાત આવશે. સામાયિકમાં આનંદ આવવો જોઈએ, એમ કહે છે. 'ભગવાનજીભાઈ'! આ સામાયિક કોઈ દિ' સાંભળી નહિ (હોય). સમ+અય+લાભ = સમતાનો લાભ. પ્રગટ, હોં! સ્વરૂપમાં તો સમતાનો પિંડ જ આત્મા છે, પણ એને પુણ્ય-પાપના વિકલ્પોની લાગણીથી હટી અને અહીંથી હટે ત્યારે ક્યાંક એકાગ્ર થાય ને! ઈ પોતાનો આનંદ અથવા સમતાસ્વરૂપ, ચારિત્ર સ્વરૂપ, પોતે ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છે એમાં એકાકાર થતાં રાગ-દ્વેષ અને વિકલ્પ વિનાની જે સ્થિરતાની શાંતિ પ્રગટ થાય એને ભગવાન સામાયિક કહે છે. આહાહા..! એ સામાયિક કહો કે આ સમાધિ કહો. સમજાણું કાંઈ?

આપણે એમાં આવ્યું હતું ને? ભાઈ! (નિયમસારમાં) પરમસમાધિ અધિકાર આવ્યો ને! અને પરમસમાધિનાં અધિકારમાં સામાયિક આવી. 'इदि केवलिसासणे' 'इदि केवलिसासणे' એ બધી ગાથાઓ 'પરમસમાધિ અધિકાર'માં જ આવી છે. સમજાણું કાંઈ? 'પરમસમાધિ અધિકાર'માં સામાયિકની વાત આવી હતી. ઘણી ગાથાઓ સામાયિકની આવી. એ તો હવે પૂરું થયું. બપોરે હવે 'ભક્તિ અધિકાર' ચાલે છે.

કહે છે, ભગવાનઆત્મા પોતાના સ્વરૂપથી વિપરીત એવા રાગના વિકલ્પોને, વાસનાને છોડી ભગવાનઆત્માનો આશ્રય અવલંબન લઈ જે અંતરમાં શાંતિ પ્રગટ થાય. 'તે કાંઈક આનંદનો અનુભવ કરે છે,...' ત્યારે અતીન્દ્રિય આનંદ થોડો (આવ્યો). અહીં થોડાની વાત છે. '**'कवि साणंदु' 'कवि'** એટલે કોઈ આનંદ એટલે કોઈ પ્રકારનો જુદો આનંદ, એમ. સંસારનો જે આનંદ છે એ તો દુઃખરૂપ છે. આ આનંદ, અતીન્દ્રિય આનંદ! આહાહા..!

'આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરન કી ક્યા કીજે, ભટક્ત દ્વાર દ્વાર લોકન કે કુંકર આશા ધારી, આત્મ અનુભવ રસ કે રસિયા, ઉતરે ને કબહૂં ખુમારી, આશા ઔરન કી ક્યા કીજે, ભટકત દ્વાર દ્વાર લોકન કે કુંકર આશા ધારી'. કૂતરો હોય છે ને કૂતરો, જ્યાં ત્યાં બટકુ.. બટકુ.. આપે. બટકુ સમજ્યા? ટુકડા.. ટુકડા. ટુકડા ટુકડા માટે. એમ આ અજ્ઞાની જ્યાં ત્યાં મને કંઈક સુખ આપો ને, બાયડીનું, પૈસાનું, ધૂળનું. કૂતરાની જેવો જ્યાં ત્યાં ભટકે છે. કંઈક પૈસામાં સુખ, કંઈ ધૂળમાં, કંઈ આબરૂમાં, કંઈ કીર્તિમાં, કંઈ છોકરામાં, કંઈ શરીરમાં, કંઈક રૂપાળામાં... આહાહા..! 'ભટકત દ્વાર દ્વાર લોકન કે

કૂકર આશા ધારી, આત્મ અનુભવ રસ કે રસિયા, ઉતરે ને કબહૂ ખુમારી, આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે, આશા..'

કોની આશા કરી? ભાઈ! ક્યાં સ્વર્ગમાં ક્યાં સુખ છે? ક્યાં દેવોમાં સુખ છે? લેશ્યામાં સુખ છે? શરીરમાં (સુખ છે)? અરે...! પુણ્ય અને પાપનાં ભાવમાં સુખ છે? ક્યાં સુખ છે? ભાઈ! એ સુખ તો ભગવાનઆત્માનાં અંદરમાં છે. એના જ્ઞાનરસને પી! જ્ઞાનાનંદનું નિર્વિકલ્પ રસનું પીણું પી. આહાહા..! 'કૂકર આશા ધારી' હાય.. હાય..! ક્યાંક મળશે. ઓલો મોટો કહે ને સારો કહે, શાસ્ત્ર ભણેલો, વ્યાખ્યાન આવડે, ઘણાને રંજન કરે. (કહે છે), ભિખારી છો. જ્યાં ત્યાં આ મને ઠીક કહે, ઠીક કહે. શું છે પણ તને? શરીર કાંઈક રૂપાળું હોય તો બતાવવા માગે આમ. અરીસામાં જોવે ને? સવારમાં જુઓ ભૂતડાની પેઠે (જોવે). નાનો અરીસો હોય તો બહુ આમ કરવું પડે, મોટો હોય તો વળી (ઠીક). નાનો અરીસો અને માથુ મોટું (હોય). ઈ લક્ષણ એ વખતે જોયા હોય તો ભૂતડા જેવા લાગે, હોં! એમાં વળી હાથમાં ઓલો રહી ગયો હોય... દાંતિયો! અને એક કોર તેલ. આહાહા..! ક્યાંય સુખ, ક્યાંય સુખ. આમાંથી સુખ, આમાંથી સુખ. સારો દેખાઉં તો સુખ, સારો હું દેખાઉ ને? શરીર સારું દેખાય તો સુખ. આહાહા..! ભગવાન! તું ક્યાં ભટક્યો? કહે છે. હેં! કપડું-બપડું સરખું હોય, અપટુડેટ આમ લાગતા હોય. કપડામાં નાંખે ને કાંઈ અત્તર-બત્તર એવું નાંખે છે ને? સેંટ નાખતા હશે. પણ આમ નાખીને ચાલે. અમે તો.. ઓલા આપણે 'વેણીભાઈ' નહોતા? 'રાજકોટ'! ઈ સામા મળતા ને દરરોજ? 'બક્ષી'! દરરોજ ત્રણ-ચાર ગાઉ ફરે. દરરોજ નાગર, નાગર હતા. સામા દરરોજ મળે. સેંટ અંદરથી સુગંધ મારે. ચારે ચાલ્યા જાય.છ-છ માઈલ સુધી ચાલે, છ માઈલ ચાલે ત્યારે લોટો ભાળે. એવું દર્દ હતું કાંઈક. તે દિ' આ જોયું. આમ સાથે નીકળે ત્યારે ઓલી લુગડાની ગંધ મારતી હોય. આહાહા..! સેંટથી સારા, પેન્ટથી સુધરેલા, આનાથી સુધરેલા, વાળથી સુધરેલા, કપડાથી સુધરેલા, દાગીનાથી સુધરેલા અને બહારનાં મકાન ને મકાનની બધી ઘરવખરી ફર્નિચર કહો. ભાષા તમારે ફેરવવી છે ને! એનાથી અમારી શોભા! પ્રભુ! તું ક્યાં ભટક્યો પણ તું? કેમ 'ભીખુભાઈ'! સાચી વાત હશે ને આ? આહાહા..!

કહે છે, ભાઈ! એ સુધારસનો દરિયો તો તું છો. હેં! સુધારસનો દરિયો તું છો, એમાં ડૂબકી મારવી છોડીને આ ક્યાં ડૂબકી મારી તેં? કહે છે, પ્રભુ! એકવાર તો જો! એ વિકલ્પને છોડ. ત્યારે તને કાંઈક આનંદનો અનુભવ આવશે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો અનુભવ એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને સામાયિક કહે છે. 'કામદાર'! કોઈ દિ' આ બધું સાંભળ્યું નથી. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં (કર્યું છે). આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ સમાધિના પિંડ થઈ ગયેલા પ્રભુ, એની વાણીમાં આવ્યું હતું. સામે મોટા ઈન્દ્રો હતા. અહો.. જીવો! એ પર સન્મુખનાં વિકલ્પો... આ મુનિ કહે છે એ ભગવાનની વાણીમાં આવ્યું છે એ મુનિઓ કહે છે, કાંઈ ઘરનું કોઈ કહેતા નથી. સમજાણું ? પરમાત્મા આનંદ, પૂર્ણાનંદ સમાધિનાં પિંડ થઈ ગયેલા ભગવાન (છે), જેને વિકલ્પ ન મળે, ઈચ્છા વિના વાણીનો ધોધ નીકળે. ૐ ૐ ૐ નીકળે, ૐ ધ્વનિ આખા શરીરે (નીકળે). કારણ કે ખંડ ખંડ ટળી ગયું છે. આ ખંડ ખંડ છે કે એટલે આ વાણી ખંડ ખંડ નીકળે છે. અખંડ આત્મા પૂર્ણ થઈ ગયો (તો) વાણી પણ ધોધમાર એકધારી નીકળે. ૐ 'ૐકાર સમારી..' સમજ્યાને? 'ૐ ધ્વનિ સુણી ગણધર અર્થ વિચારે, અર્થ ગણધર વિચારે' એ આ બધા આગમ છે, સંતોએ કહેલા એ બધા આગમ છે. એ ભગવાનની વાણીને અનુસારે આત્મામાં દશા થઈ અને પછી આ વાણી એની મેળાએ નીકળી છે. ભાઈ! તને સુખ જોતું હોય ને પ્રભુ તો અંતરમાં આનંદ છે, હોં! એ અંતરમાં જો ને!

'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.' કહો, 'કામદાર'! 'શ્રીમદ્'નું વાંચ્યું છે કે નહિ? આ એની કડી છે. સમજાણું કાંઈ? ઈ છેલ્લી કડી (હતી). 'શ્રીમદ્'નો જ્યારે દેહ છૂટવાનો લગભગ કાળ હતો એના પહેલાની

આ છેલ્લી કડી છે. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં...' આ અંતર્મુખ ચૈતન્ય પ્રભુની સામું જો, 'વિલય થતાં નહિ વાર'. એ શુભાશુભ રાગનો નાશ થતાં વાર નથી, ભગવાન! તારામાં નથી એટલે નાશ થયા વિના રહેશે નહિ.

'આ જ સુખને મોક્ષનું સુખ કહે છે.' લ્યો! છેલ્લો શબ્દ છે ને? 'सो सिव-स्क्ख भणंति' એ ચોથું પદ છે. એને મોક્ષનું સુખની વાનકી કહે છે. માલ લે ત્યારે વાનકી કાંઈક હોય ને? તો એની જાતની વાનકી હોય કે નહિ? વાનકીને શું કહે છે? નમૂનો. રૂનું મોટું ધોકડું હોય તો થોડું પા શેર કાઢીને આમ જોવે. એમ આત્મા આનંદનું મોટું ધોકડું (છે). એને પુણ્ય-પાપનાં વિકલ્પની રુચિ છોડી અને આશ્રય છોડીને સ્વરૂપમાં જા (તો) એ આનંદનાં ધોકડામાંથી આનંદનો નમૂનો તને વેદાશે અને એ આનંદનો નમૂનો પૂર્ણ મોક્ષનાં સુખનું કારણ (છે એમ) તને ખ્યાલ આવશે. મોક્ષમાં પૂર્ણ આનંદ છે એનો આ થોડોક નમૂનો (છે). સમજાણું?

આ તો 'યોગસાર' છે. એકદમ સાર વસ્તુ મૂકી છે. 'મોક્ષનું સુખ આત્માનું પૂર્ણ સ્વાભાવિક સુખ છે જે સિદ્ધોને સદાકાળ નિરંતર અનુભવમાં આવે છે. આવા સુખનો ઉપાય પણ આત્મિક આનંદનો અનુભવ કરવો તે છે. સુખી આત્મા જ પૂર્ણ સુખી થાય છે.' એ થોડો ન્યાય મૂક્યો છે. શું કહ્યું? પેલી બાજુ (છે). સુખી આત્મા પૂર્ણ સુખનું કારણ થાય. દુઃખ અંદર વેદે ને પૂર્ણ મોક્ષનું કારણ થાય? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનો આનંદનો અનુભવ લેતાં એ સુખી આત્મા સુખનો ઉપાય, પૂર્ણ મોક્ષનું કારણ થાય. શું કીધું સમજાણું? ઈ પાઠ પછી આમ આવ્યો ને? 'जं विंदहिं साणंदु क वि, सो सिव-सुक्खँ भणंति' એટલે જરી ખુલાસો કર્યો. 'સુખી આત્મા જ પૂર્ણ સુખી થાય છે.' દુઃખી આત્મા પૂર્ણ સુખી થાય? સુખી ભગવાનઆત્મા પોતાનું દર્શન કર્યું, દર્શન કર્યું, અવલોકન કર્યું અને સ્થિર થયો. એ ત્રણ થયા શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર.

પોતાનું સ્વરૂપ પૂર્ણ શુદ્ધ આનંદ એનું દર્શન કર્યું એટલે રુચિ થઈ, અવલોકન કર્યું, જ્ઞાન કર્યું, ઠર્યો ત્યારે તેને આનંદની પ્રગટ દશાની વાનકી મળી. એ આનંદની દશા સુખી થયેલો પૂર્ણ સુખી થશે. એ પૂર્ણ સુખનાં મોક્ષને તે જ સાધી શકશે, એમ કહે છે. અંદર કષ્ટદાયક (નથી). અરે..! અપવાસ કર્યો ને કષ્ટ થયું ને... અરે..! એ તો આર્ત્તધ્યાન છે, ઈ ધર્મધ્યાન છે? એમ કહે છે. આ અપવાસ કર્યો (ત્યારે) ભાઈને પરિષહ બહુ આવ્યો હતો, હોં! અને બહુ પરિષહ સહન થયો (એટલે) નિર્જરા બહુ (થઈ). શેની નિર્જરા? ધૂળની. તને અણગમો તો લાગ્યો છે. ઈ તો આર્ત્તધ્યાન છે. આર્ત્તધ્યાનમાં સહન ક્યાં કર્યું હતું? એ તો દુઃખ છે. દુઃખી થયેલો આત્મા સુખની પૂર્ણ દશાને સાધે? સુખી થયેલો આત્મા પૂર્ણ સુખને સાધે. સમજાણું કાંઈ? આહાહા..! માંડ માંડ પૂરી કરે, કષ્ટ ક્રિયા કરી કરીને. આ મહાવ્રત પાળવા, આ દયા પાળવી, પૂરું કર્યું, પૂરું કરવા દ્યો ને હવે. એ તો ખેદ છે, એ તો દુઃખ છે, એ તો કષ્ટ છે, અણગમો છે, આર્ત્તધ્યાન છે, પાપ પરિણામ છે. એ પરિણામથી એ દુઃખનાં પરિણામથી પૂર્ણ સુખનું સ્વરૂપમોક્ષ મળે?

એથી કહે છે કે, 'સુખી આત્મા જ પૂર્ણ સુખી થાય છે.' આહાહા..! કહો, સમજાણું આમાં? ભગવાન! સુખી આત્માની વાત (કહી) એ પર્યાયની વાત છે, હોં! સુખી તો ત્રિકાળ છે આત્મા. એની દર્શન, જ્ઞાન ને અવલોકનની સ્થિરતા થતાં જે સુખ દશા થઈ, એ સુખી પૂર્ણ સુખને પ્રાપ્ત કરશે. દુઃખી પૂર્ણ સુખને પ્રાપ્ત કરશે? આર્ત્તધ્યાનમાં આવેલો, રાગમાં આવેલો, અણગમામાં આવેલો એ મોક્ષ તરફ જશે? સમજાણું કાંઈ? આહાહા..!

'છ ઢાળા'માં આવે છે ને? ભાઈ! નહિ? દુઃખ લાગે છે, નથી આવતું? કષ્ટદાન.. શું? 'આતમ હેતુ વૈરાગ્ય જ્ઞાન... કષ્ટદાન' ભાઈ! ચારિત્ર તો કષ્ટદાયક છે. ઈ વેળુના કોળિયા છે. વેળુ.. વેળુ. આ ચારિત્ર આવું હશે? ભાઈ! તને ખબર નથી, ભાઈ! ચારિત્ર તો આનંદદાતા છે. એને તું દુઃખદાતા કલ્પે (તો) તને ચારિત્રના ગુણની, શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ? 'છ ઢાળા'માં બહુ વાત ઘણી નાંખી છે. **(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં.. )**

# પરમાગમસાર બોલ નં-૨૨૮ પર
# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન (તાઃ ૨૪-૦૪-૧૯૮૩)

**'જ્યાં સુધી પૈસામાં સુખ નથી, પુણ્ય-પાપમાં સુખ નથી - એમ અંતરમાં ભાસે નહીં, ત્યાં સુધી ઈ આત્માના સુખમાં જંપલાવે નહીં.'**

**–પરમાગમસાર–૨૨૮**

(પરમાગમસાર, બોલ) ૨૨૮. **'જ્યાં સુધી પૈસામાં સુખ નથી, પુણ્ય–પાપમાં સુખ નથી – એમ અંતરમાં ભાસે નહીં, ત્યાં સુધી ઈ આત્માના સુખમાં જંપલાવે નહીં.'** બધી નાડ પકડી છે ! જગતના જીવો ક્યાં જંપલાવે છે એ (ગુરુદેવશ્રીને) ખબર છે. ભલે પોતે અત્યારે એમાં નથી ગયા, આ ભવમાં તો પહેલેથી ત્યાગી જેવી સ્થિતિ છે. (છતાં કહે છે કે) જ્યાં સુધી જગતના પદાર્થમાં સુખ છે એમ ભાસે છે, ત્યાં સુધી એ જગતના પદાર્થોમાં જંપલાવશે, એમ કહે છે. જંપલાવે એટલે શું ? (કે) આખે આખો પડે ! આખે આખો અર્પાઈને પડે એને જંપલાવે એમ કહે છે.



કહે છે કે આ આખી પરિસ્થિતિ એની બદલાવી જોઈએ. પહેલી વાત છે કે પૈસામાં સુખ નથી. લ્યો, કેમ માનવું ? પૈસામાં સુખ નથી – (એ) માનવું કેમ પણ ? ડગલે ને પગલે જરૂર પડે.

મુમુક્ષુ :- પૈસા હોય તો 'ભાઈ' કહી ને બોલાવે !

પૂજ્ય ભાઈશ્રી :- નહીતર શું કહીને બોલાવે ? અરે...! ગમે તે કહીને બોલાવે તો પણ તારે બોલવવાનું કામ શું છે ? તારે 'ભાઈ' કહેવડાવવું છે શું કરવા ? આ સવાલ છે. અને આ 'ભાઈ' કહેવડાવવામાં આખે આખો તું મરી જાય છે એનું શું પણ હવે ? 'ભાઈ' કહેવડાવવાં જાતાં આ તારી હત્યા થાય છે ! તારા ચૈતન્ય પ્રાણની, જ્ઞાન–આનંદના પ્રાણની હત્યા થાય છે !!

ગુરુદેવ એક કાળિયા કૂતરાનો દાખલો આપતા ખબર છે ? ઘરમાં દેરાણી–જેઠાણી ઝઘડે તો ગાળો દે કે 'તું કાળિયા કૂતરાની વહુ છે.' ઓલો કાળિયો કૂતરો બહાર બેઠો બેઠો સાંભળે કે આ આપણને બહુ સારી વાત કરે છે ! (એ) ક્યાંય ખાવા ન જાય ! કોઈ ઘરે ન જાય ત્યાં ને ત્યાં જ બેસી રહે. (બીજા) બેચાર કૂતરા

મળ્યાં (એ લોકોને એમ થયું) કે આ દૂબળો પડી ગયો ને હાડકાં દેખાવા માંડ્યાં, (આ બધું) શું છે ? (ત્યારે આ કાળિયા કૂતરાએ કહ્યું) 'ભલેને હાડકાં દેખાય મારે તો અહીંયા જ બેસી રહેવું છે, ખાવા પણ જાવું નથી.' (પેલા એ પૂછ્યું) કેમ ? (તો કહે) 'આવું સાંભળવા મળે છે !' એમ આ ભાઈ ને 'ભાઈ' સાંભળવા મળે છે ને ! એમાં એનો ભૂકો નીકળી જાય છે (એની) એને ખબર પડતી નથી. ભાઈને 'ભાઈ' સાંભળવા મળે છે એમાં આ દશા છે, ભાઈ ! કાળિયા કૂતરા જેવી એની દશા છે!

બાકી મનુષ્ય પર્યાયમાં માન છે (એ) મારી નાખે ! માન છે એ મારી નાખે ! (શ્રીમદ્જી લખે છે) 'માન ન હોત તો મોક્ષ હથેળીમાં હોત.'

પ્રશ્ન :- માન પછી અહમ્ આવતો હશે ને ?

સમાધાન :- એ અહમ્ એ પોતે જ માન સ્વરૂપે છે. માનમાં ને અહમ્માં શું (ક્યાં) ફેર છે. અહમ્ કહો કે માન કહો બધું એક જ છે. આ તો પૈસાની સાથે સાથે માન મળે છે ને ! (પણ) ઘણાં પૈસાવાળાને માન નથી મળતું. એનું ઉપનામ બીજું જ હોય પાછું ! જે અપમાન સ્વરૂપે હોય ! એટલે એ તો એ જાતની કર્મ પ્રકૃતિનો ઉદય હોય (એટલે એવું હોય). (બાકી એમ પણ બને) ઓછા પૈસા હોય, પૈસા ન હોય તો(પણ) માનપાન મળે. જે તે ક્ષેત્રમાં કામ કરતાં હોય ત્યાં માનપાન મળે.

જગતમાં અનેક પદાર્થો ખરીદવાનું માધ્યમ જે નાણું છે, ચલણ છે, પૈસો છે. અનેક ચીજોની, સર્વ ચીજોની ખરીદી થાય છે. એટલે એની મુખ્યતા છે અને તે તે ચીજોથી પોતાની અનુકૂળતાઓ સચવાય છે અને પ્રતિકૂળતાઓ દૂર થાય છે. એટલે પૈસાથી સુખ છે – એમ માનવામાં આવે છે.

અહીંયાં ભગવાન કહે છે કે પહેલી વાત આ છે. (તું) નક્કી કર, પૈસામાં સુખ નથી એમ નક્કી કર ! અને જ્યાં સુધી એમ તારામાં નક્કી નહિ થાય ત્યાં સુધી તું એ પૈસા બાજુથી કે બાહ્ય પદાર્થો બાજુથી વલણ ફેરવીને આત્મામાં જંપલાવીશ, એ વાત રહેતી નથી. માણસ એ (પણ) કરે છે, કરોડપતિ, અબજપતિ માણસ દીક્ષા લઈ લે, પછી એણે પૈસામાં સુખ નથી એમ માન્યું કે ન માન્યું ? માન્યું ? માનવું બીજી વાત છે, ભાઈ ! માનવું બીજી વાત છે. એવો ત્યાગ કરે અને છતાં એણે પૈસામાં સુખ નથી, (એમ નથી) માન્યું એમ પણ બને.

પૈસામાં સુખ એણે ખરેખર તો ત્યારે નથી માન્યું કે જ્યારે એણે આત્મામાં સુખ માન્યું છે ત્યારે. જ્યારે આ જીવે આત્મામાં સુખ છે એમ માન્યું ત્યારે તે આત્મામાંથી જ સુખને ભોગવવાનો પુરુષાર્થી થશે અને જ્યાં સુધી એ આત્માના સુખને અંદરમાંથી મેળવવાનો પુરુષાર્થ નહિ કરે, ત્યાં સુધી ભલે એણે ધન – વૈભવનો ત્યાગ કર્યો હોય તોપણ એણે હજી એમાં સુખ માન્યું છે. એ વળી બીજી રીતે માને છે. નહિતર એમ થાય કે એ કેમ સમજાય? ચોખ્ખાં પૈસા છોડી દીધાંને ! આટલાં હતાં ને પૈસા છોડી દીધાં (પણ) એ 'મેં છોડ્યાં' (એમ જે માને છે) એ એણે છોડ્યાં નથી (પણ) પકડ્યાં છે !! શું કર્યું (એણે) ? આ પૈસા 'મેં છોડ્યાં' એ તેણે 'મારા(પણું)' રાખીને છોડ્યાં છે. 'મારા હતા ને મેં છોડ્યાં' એ મારાપણું એણે હજી રાખ્યું છે. છોડ્યાં છે એ તો બહારની ક્રિયા થઈ છે. અંતરંગ ક્રિયા છોડવાની થઈ નથી.

અહીંયાં એમ કહે છે કે બાહ્ય ત્યાગ, બાહ્ય નિવૃત્તિ એ અંતરંગ નિવૃત્તિના અર્થે છે અથવા અંતરંગ નિવૃત્તિના પ્રયોજનને કારણે જો બાહ્ય ત્યાગ ને બાહ્ય નિવૃત્તિ હોય તો એનું સાર્થકપણું છે. પણ જો અંતરંગ પ્રયોજન સચવાય નહિ તો એ બાહ્ય ત્યાગ કર્યો પણ નહિ કર્યા બરાબર છે, કર્યો પણ નહિ કર્યા બરાબર છે. એણે કર્યો જ નથી – એમ ભગવાન કહે છે.

ગુરુદેવશ્રી એક વાર સવારે ઠલ્લે જતા (હતાં), (ત્યારે) સાથે જતા હતાં, બહાર જંગલમાં (જતાં). વીસેક વર્ષ પહેલાંની વાત છે. રસ્તામાં બધાં મૌન ચાલતાં હતાં. ૧૦-૧૫ ભાઈઓ હતાં. ઓચિંતું (ગુરુદેવશ્રી) બોલ્યાં કે, 'દ્રવ્યલિંગી મુનિ નિવૃત્ત જ થયો નથી, જરાય નિવૃત્ત થયો નથી.' પણ એણે તો સાવ પ્રવૃત્તિ છોડી છે, રાજા

હોય અને રાજપાટ (ત્યાગ) કર્યા હોય એનો અર્થ શું ? કે જેનો શુદ્ધાત્મામાં પ્રવેશ નથી અને એ સ્વરૂપલીનતા પૂર્વક જેણે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર પ્રગટ કર્યા નથી, એ ખરેખર બહારથી નિવૃત્ત થયો હોય તોપણ ખરેખર નિવૃત્ત થયો નથી. (દ્રવ્યલિંગી મુનિનું) તો ઉત્કૃષ્ટ - સમર્થ દ્રષ્ટાંત છે. પછી બીજાને તો સમજી લેવાની વાત છે - ત્યાગ કર્યો હોય તો એણે શું ગણવું જોઈએ ! એમાં કાંઈ ગણતરી કરવાનો પ્રસંગ રહેતો નથી.

પૈસામાં સુખ નથી એમ 'ભાસવું' જોઈએ, પુણ્ય-પાપના પરિણામમાં સુખ નથી એમ અંતરમાં 'ભાસવું' જોઈએ. પુણ્યના મંદરાગમાં એને આકુળતા ઓછી થાય ત્યારે સુખ લાગે, શાતા વેદાય અથવા ઈચ્છિત વિષયની પ્રાપ્તિમાં તે વિષયનાં ભોગવટામાં એને મઝા છે, સુખ છે, આનંદ છે, ખુશી છે, રાજીપો છે (એમ જો લાગે છે તો) એ પાપના પરિણામમાં એણે સુખ માન્યું છે.

કષાયની મંદતામાં થતાં જે મંદ કષાયનાં, મંદરાગનાં પરિણામમાં શાતા ઊપજે - તેણે પુણ્યનાં પરિણામમાં સુખ માન્યું છે. ભોગ-ઉપભોગના પરિણામમાં સુખ, આનંદ ને મઝા માનવાવાળાએ પાપના પરિણામમાં સુખ માન્યું છે અને બહારમાં જે કાંઈ પૈસો એટલે ધન, વૈભવ કીર્તિ, આબરૂ, બધુંય એની અંદર લઈ લેવું, (એ બધાંમાં તને એમ લાગતું હોય કે) 'એ છે એટલે મને ઠીક છે અને વાંધો નથી ને અનુકૂળતા છે ને હવે કોઈની સાડીબાર નથી' - (અહીંયા) કહે છે કે એ બધુ તને આત્મામાં નહિ જવા દે, એ તને આત્માનાં દર્શન કરવા દેશે નહિ, કેમકે 'ભાસવું' એ જ્ઞાનમાં બને છે.

જ્યાં સુખ નથી ત્યાં સુખ ભાસે છે - એનો અર્થ એ છે કે ભ્રાંતિએ કરીને એ સુખ ભાસે છે. શેનાથી ભાસે છે એ ? (ભ્રાંતિથી) ! એવી આ જીવને ભ્રમણા થઈ છે. એ ભ્રમણાને લઈને એને સુખ ભાસે છે. છે નહિ ને ભાસે એનો અર્થ શું ? કે એને ભ્રમણા થઈ ગઈ છે.

જે જડ પદાર્થોમાં સુખ તો નથી સુખની ગંધ પણ નથી, એમાં તને ભરપૂર સુખ લાગે છે, એની તને હૂંફ રહે છે, એ છે એટલે મને ઠીક છે, એવા એની હયાતીના સભાનપણાના તારા પરિણામ છે ને ! (એ તને આત્મામાં નહિ જવા દે). મૂડી કોઈ ગણવા નથી બેસતું કે સવારમાં ઊઠીને માળા ગણી લ્યો ! પાંચમાળા મૂડીની ગણો ! આપણી મૂડી કેટલી ? ઉઘરાણીમાં કેટલી ? માલમાં કેટલી ? બેંકમાં કેટલી ? એના ભાનમાં જ રહે છે કે - 'હું આટલો,' 'હું આવો,' 'હું આટલાવાળો... આટલાંવાળો.' કહે છે (કે) પોતાપણે એની હયાતીનું ભાન એ તારા ભાનને ભૂલવા માટે ઊભું થાય છે. તારા ભાનમાં એ નથી ને એના ભાનમાં તારું ભાન નથી ! આ પરિસ્થિતિ થાય છે.

એટલે એમ કહે છે કે **'જ્યાં સુધી પૈસામાં સુખ નથી એમ ભાસે નહિ, 'અંતર'માં ભાસે નહિ હોં!'** ઉપરથી કહે એમ નહિ, શાસ્ત્રના આધારે કહે એમ નહિ, ન્યાયથી વિચારીને હા પાડે એટલું પણ નહિ. નહિતર અહીંયાં સુધી તો આપણે ત્યાં ચાલે છે. ગુરુદેવની કૃપાથી આપણે ત્યાં મુમુક્ષુઓ શાસ્ત્ર સ્વાધ્યાય કરે છે, વળી વિચારીને ન્યાયથી સંમત કરીને કહે છે કે બરાબર છે - સુખ આત્મામાં છે અને બાહ્ય પદાર્થમાં સુખ નથી. એ સાચું કીધું કે નહિ ? (કહે છે કે) **અંતરમાં ભાસે નહિ ત્યાં સુધી** એની કીધેલી વાત સાચી નથી. ભલે સાચું કહે તો(પણ) સાચું નથી. કોઈ સાચું કહે માટે સાચું છે- એમ અહીંયાં નથી. પણ આવું તો ચોખ્ખું સાચું કહ્યું છે માટે આ સાચા નહિ ? એમ એને અંતરમાં ભાસ્યું છે કે નહિ એ વાત પહેલી જોવી જોઈએ.

પોપટ પણ બે ને બે ચાર બોલે. પોપટને શિખડાવી દો તો બે ને બે ચાર... બે ને બે ચાર... એમ ન કહે ? તો એનો બે ને બે ચારનો સરવાળો સાચો કે નહિ ? પણ એને ખબર નથી કે એ સરવાળો છે કે શું છે ? એ તો જેટલું ગોખાવ્યું તેટલું બોલે છે. એમ શાસ્ત્રથી કોઈ (જીવ આ વાતને) વિચારથી સંમત કરી લ્યે; ગોખે, શીખે, પઢે, ત્યાં સુધી નહિ પણ વિચારથી સંમત કરી લે, છતાં અંતરંગમાં ભાસે નહિ (તો એ વિચારથી સંમત

કરેલું પણ સાચું નથી). અહીંયા એક શબ્દ બહુ સારો લીધો છે – 'એમ અંતરમાં ભાસે નહીં,...' એમ લેવું છે. આ એની વાસ્તવિકતા છે.

અંતરમાં ન ભાસે તો તેણે વિચારથી, ન્યાયથી, આગમથી, તર્કથી, તર્કણાથી શુદ્ધ કરીને – તર્કશુદ્ધ રીતે એણે માન્યું હોય તોપણ અહીંયા (એની) એ વાતને ગણતરીમાં લેવામાં આવતી નથી કે, એણે માન્યું છે. એમ ગણાય નહિ, એમ કહે છે. અને ત્યાં સુધી એને એનો લાભ થાય નહિ. એટલે કે ત્યાં સુધી આ જીવ પડખું ફેરવીને (અર્થાત્) બહિર્મુખ પરિણમી રહ્યો છે, એ પડખું ફેરવીને અંતરમાં આત્માનું સુખ રહ્યું છે એ સુખમાં લીન થવા માટે જંપલાવશે નહિ.

'**જંપલાવે નહીં.**' એમ શબ્દ લીધો છે. (જંપલાવે એટલે) જોરથી પડે છે. (અર્થાત્) જે જીવ આત્માના સુખની પ્રાપ્તિ માટે અંદરમાં આવે છે એ પણ એટલાં જોરથી આવે છે, ઘણાં જોરથી આવે છે. જોરથી એ મિથ્યાત્વનો ધ્વંસ કરે છે, જોરથી મિથ્યાત્વને છોડે છે અને જોરથી સમ્યક્ત્વને અંગીકાર કરે છે – એમ છે ખરેખર તો. એટલે એ આત્મામાં જંપલાવે છે એમ કહેવામાં આવે છે. કેમકે પ્રથમ જ સમ્યક્ત્વ થતાં તે જ સમયમાં એને સ્વરૂપ લીનતા ઉત્પન્ન થાય છે, શુદ્ધોપયોગ થાય છે, આત્મસ્થિરતા ત્યાં પ્રગટ થાય છે. સમ્યક્ત્વ થવું ત્યારે આત્મસ્થિરતા થવી – એ બન્ને એક સાથે અવિનાભાવિપણે હોય છે. વારાફરતી નથી હોતા પણ અવિનાભાવીપણે હોય છે. એ જંપલાવીને આત્મામાં આવે છે.

(બન્ને કાર્ય) ગુણ ભેદે જુદાં છે. સમ્યક્ત્વ થતાં અનંતગુણ પરિણમે છે. 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' – આત્માના અનંત ગુણોના અંશો શુદ્ધ થયાં, નિર્મળ થયાં એને સમ્યક્ત્વ કહ્યું (છે). શ્રીમદ્જીએ આ પરિભાષા બાંધી (છે) – 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' જે શુદ્ધોપયોગ થાય છે તે સ્વરૂપાચરણ ચારિત્ર છે. જ્ઞાન સ્વસંવેદન રૂપ પરિણમે છે તે સમ્યગ્જ્ઞાન છે અને આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે તેને સમ્યક્ શ્રદ્ધાન કહેવામાં આવે છે. એમ સમ્યગ્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્ચારિત્રની એકતા થઈ. પરિણામ એક છે અને એમાં અનંત ગુણો પરિણમ્યાં છે. એટલે એનું અનેક ભેદે વર્ણન આવે છે. ગુણભેદની અપેક્ષાએ એક જ ધર્મના પરિણામનું અનેક ભેદે વર્ણન આવે છે એનું કારણ આ છે. (કેમકે) એનામાં અનંત ગુણ રહ્યાં છે. સમ્યક્ત્વ થયું એટલે (એ જીવ) અનંત ગુણવંત થયો. જો તને ગુણની રુચિ હોય, જો તને ગુણની અભિલાષા હોય તો એ સમ્યક્ત્વ અંગીકાર કરવા જેવું છે કે જેમાં અનંત ગુણ ઊભા થશે.

એટલે એમ કહે છે કે જે સ્વરૂપમાં લીનતા થાય છે એ જંપલાવીને આમાં આવે છે. કેમ એ બધું વર્ણન કરવામાં આવે છે ? એવું બધું વર્ણન કરવાં પાછળ પણ શાસ્ત્રમાં હેતુ છે. સમ્યક્ત્વને પણ બીજી બીજી રીતે લોકોએ કલ્પી લીધું છે. અમે તો જૈન કુળમાં જન્મ્યા એટલે અમે તો મૂળ જૈન કુળમાં છીએ (તો) અમારે તો સમ્યગ્દર્શનનો તો સવાલ જ નથી. અમે તો વીતરાગી દેવ, ગુરુ, શાસ્ત્રને માનવાવાળા છીએ, બીજાંને (તો) અમે સ્વપ્નમાં પણ માનીએ નહિ. અત્યારે તો જો કે ઘણી ગડબડ ચાલે છે. પણ બીજાંને સ્વપનેય માનીએ નહિ એમ હોય તોપણ એમ સમ્યક્ત્વ છે નહિ. એમ કહે કે, હવે અમારે વ્રત, પચ્ચખાણ લઈને આગળ વધવાનું રહ્યું, સમ્યક્ત્વ તો છે જ. ભાઈ ! સમ્યક્ત્વ એમ હોતું નથી.

એટલે એમ કહે છે કે ભાઈ ! તને સ્વરૂપ લીનતા થઈ છે ? તને આત્માનું ભાન વર્તે છે ? તને સ્વસંવેદનની જ્ઞાતાધારા પ્રગટ થઈ છે ? અને પ્રગટ પરિણમન ચાલે છે ? તો આ બધી સમ્યક્ત્વના સદ્ભાવને બતાવનારી વાતું છે. નહિતર એ એકેય વાત સાચી નથી. જેને સમ્યક્ત્વ નથી તેનું બધું અવળું અને સમ્યક્ત્વ થયું તેનું બધું સવળું. જેમ ઊંધા ઘડા ઉપર બધા ઊંધા ઘડા રહે અને સવળા ઉપર બધા સવળા રહે, એના જેવું છે.

મુમુક્ષુ :– સમ્યક્ત્વમાં બધું સવળું – એ બહુ મોટી

વાત છે !

પૂજ્ય ભાઈશ્રી :- એનું બધુંય સવળું ! એના બધાંય પરિણામ જ્ઞાનમય કહ્યાં છે. સાધકજીવને પુણ્યનો ભાવ આવે છે તો એને જ્ઞાનમય પરિણામ કહ્યું (છે), કેમ જ્ઞાનમય પરિણામ કહ્યું ? કે આ પુણ્ય તત્ત્વ છે, મારા આત્માથી આ બહિર્તત્ત્વ છે અને આ આત્માને તેથી લાભ નથી, (એવું ભાન વર્તે છે).

જેમ પૈસાથી સુખ નથી તેમ પૈસા મળવાનું કારણ જે પુણ્યભાવ એમાં પણ સુખ નથી ને લાભ નથી. એ તો કારણ – કાર્યનો સંબંધ છે. પૈસાથી સુખ ને લાભ નથી એમ પૈસા મળવાના કારણરૂપ જે પરિણામ છે એનાથી પણ સુખ ને લાભ નથી, એમ જ્યાં સુધી અંતરમાં ભાસે નહિ...! '**અંતરમાં ભાસે નહીં,...**' જુઓ ! કેવી ભાષા લીધી છે ! '**...ત્યાં સુધી ઈ આત્માના સુખમાં જંપલાવે નહીં.**' આ તો બોલવાની ભાષા લખી છે ને ! ત્યાં સુધી તે આત્મા અંદરમાં આત્માના સુખમાં પરિણમશે નહિ, જંપલાવશે નહિ. એટલે શું કહેવું છે ?

જીવનો અનાદિનો જે વેગ છે ને ! એ પર પદાર્થમાં સુખ(ના નિશ્ચયને) લઈને છે. રાગમાં અને રાગના ફળમાં સુખ છે એવું એને અનાદિથી નિશ્ચિત થયેલું છે, એ જ્યાં સુધી આત્મામાં સુખ 'ભાસી'ને છૂટે નહિ (એટલે કે) 'વિચાર'થી છૂટે (એમ) નહિ પણ અંતરમાં સુખ ભાસે ત્યારે તે છૂટે. (એમ કહેવું છે). એ પહેલાં એનો બીજો કોઈ ઉપાય છે નહિ.

આત્મા અનંત અનંત સુખથી ભરપૂર છે. એની જે હયાતી છે – સુખની જે વિદ્યમાનતા છે, એ વિદ્યમાનતા 'છે' એની હયાતીને સ્વીકારે નહિ, જ્ઞાનમાં જણાય નહિ, ભાસે નહિ, સ્વીકાર આવે નહિ ત્યાં સુધી વિપરીત દિશા – વિપરીત વાત જે ઊભી થઈને ઊભી રહી છે એ છૂટી શકતી નથી. એના છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી અને ત્યાં સુધી ગમે તે (કરે), આ સિવાય ગમે તે કરે તે બધું એકેય સાચું નથી – એકેય સાચું નથી. મૂળમાં વાત આ છે કે અંતરમાં સુખ છે એ તને ભાસે છે ? આ વાત છે. અસ્તિથી લીધું છે કે અંતરમાં સુખ છે એમ ભાસે છે ?

શ્રીમદ્જીએ બહુ સરસ ફકરાં લખ્યાં છે. એમાં એક વાત બહુ સરસ લખી છે. એમ જ ડાયરી લખતાં હોય એવી રીતે એમ ને એમ જ લખ્યાં છે. હે જીવ ! તું ભ્રમા મા. એમ પોતાને ઉદ્દેશીને લખતાં હોય ને ! હે જીવ ! તું ભ્રમા મા. તને ખરું કહું છું, તને સાચું કહું છું; સુખ અંતરમાં છે, સુખ આત્મામાં છે અને તારું સુખ ક્યાંય બહાર નથી. આવે છે ? (પત્રાંક – ૧૦૮). ફકરાં આવે છે, બહુ સરસ આવે છે ! માટે તારા સુખને શોધવા અને તારા સુખનો અનુભવ કરવા તું ક્યાંય બહાર જઈશ નહિ. એટલી વાત છે.

અંદરમાં કેવું આત્મિક સુખ પડ્યું છે એની (જીવને) કલ્પના નથી. મૂળ તો જગતવાસી જીવને અનુકૂળતામાં કષાયની મંદતા થાય તે સુખ અને પ્રતિકૂળતામાં કષાયની તીવ્રતા એટલે આકુળતા થાય તે (દુઃખ). તીવ્ર આકુળતાને દુઃખ અને મંદ આકુળતાને સુખ – બસ ! આમ નક્કી કર્યું છે એટલે એ કલ્પના એની જ કરે છે. (અહીંયા) કહે છે (કે) એ તો બન્ને દુઃખ છે, બન્ને આકુળતા છે. તીવ્રતા કે મંદતાના ભેદે એ બન્ને ભેદ આકુળતાના છે. એમાં ક્યાંય નિરાકુળપણું નથી.

અંદરમાં જે આત્માનું નિરાકુળ સુખ છે, એ સુખ તો અનંત છે અને એ સુખની શરૂઆત થયા પછી એ અનંત સુખની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. એવું જે અંતરનું આત્મિક સુખ છે, જેમાં જીવને તૃપ્તિ થાય છે – આ એના માનેલા સુખમાં એને ક્યારેય તૃપ્તિ નથી થતી. તે સુખ નથી એ એનું ઉપલક્ષણ છે.

'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ.' 'બહુ પુણ્ય કેરા પુંજ' (કાવ્યમાં) શ્રીમદ્જી એ ૧૬ વર્ષની ઉંમરમાં આ ગાયું છે કે 'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ.' તે સુખ નથી. અંદરમાં આત્માને તૃપ્તિ થાય એવું જે સુખ છે એ સુખ (છે). (એ) સુખની વિદ્યમાનતા અંતરમાં ભાસે નહિ ત્યાં સુધી જોરથી અંદર આવવું છે – એકદમ અંતર્મુખ

થઈને, વેગથી – પુરુષાર્થથી જે અંતર્મુખ થવું છે, એ પુરુષાર્થ તારો ઉત્પન્ન નહિ થાય અને વર્તમાન વીર્ય ગુણનો ક્ષયોપશમ – જે પુરુષાર્થ ઊંધો ચાલે છે (અર્થાત્) બહિર્તત્ત્વને પ્રાપ્ત કરવા, મેળવવા ને ભોગવવા તારો પુરુષાર્થ જાય છે, એ તારો પુરુષાર્થ મટશે નહિ. ઊંધો પુરુષાર્થ દિશા પલટીને સવળો થાય ત્યારે એણે અંદરમાં આત્મામાં 'જંપલાવ્યું' એમ કહેવામાં આવે, પણ બહારમાં જંપલાવ્યા કરતો હોય એ અંદરમાં આવી શકે નહિ. એટલે બહુ માર્મિક રીતે એ વાત લીધી છે.

આ જીવે એને પોતાને એક પ્રશ્ન પૂછવા જેવો છે કે તને અનુકૂળતામાં અંતરથી સુખ અનુભવાય છે ? તને પૈસા આદિ બહારની પ્રાપ્તિ થાય છે, સંયોગોની વૃદ્ધિ થાય છે – એમાં તને રાજીપો થાય છે ? (જો થાય છે) તો તો અંદરમાં જંપલાવી શકીશ નહિ.

વળી, એ પ્રશ્ન પણ પૂછવા જેવો છે કે અંતરમાં જે અનંત સુખ ભર્યું છે એ સુખની વિદ્યમાનતા તને ભાસે છે ? આટલી વાત છે. જો આ બધાં મેળવાળા પડખાં ચોખ્ખાં ન હોય તો બીજું બધું કરવું એ કંઈ કરવા જેવું રહેતું નથી. આ એક જ જગ્યાએ તેણે પોતાની શક્તિ લગાવવી જોઈએ. બીજાં બીજાં કાર્યમાં લગાવવી જોઈએ નહિ. (એમ) બહુ લાગુ પડે તેવો ૨૨૮મો બોલ છે. અહીં સુધી રાખીએ.

*


---

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ–હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (એપ્રિલ–૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના વિશેષાંકની સમર્પણ રાશિ સ્વ. લલિતાબેન દેસાઈના સ્મરણાર્થે, હસ્તે શ્રીમતી જ્યોતિબહેન ઉદાણી તથા શ્રીમતી વર્ષાબહેન હેમાણી તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને સ્વાધ્યાય હેતુ મોકલવામાં આવેલ છે.



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૩૮

મુંબઈ, ફાગણ સુદ ૧૩, શુક્ર, ૧૯૪૮

અત્યંત પરિણામમાં ઉદાસીનતા પરિણમ્યા કરે છે.

જેમ જેમ તેમ થાય છે, તેમ તેમ પ્રવૃત્તિ-પ્રસંગ પણ વધ્યા કરે છે. જે પ્રવૃત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે, એમ નહીં ધારેલું તે પણ પ્રાપ્ત થયા કરે છે; અને એથી એમ માનીએ છીએ કે ઉતાવળે પૂર્વે નિબંધન કરેલાં એવાં કર્મો નિવૃત્ત થવાને માટે ઉદયમાં આવે છે.

*

### પત્રાંક - ૩૩૯

મુંબઈ, ફાગણ સુદ ૧૪, ૧૯૪૮

**કોઈનો દોષ નથી, અમે કર્મ બાંધ્યાં માટે અમારો દોષ છે.**

જ્યોતિષની આમ્નાય સંબંધી કેટલીક વિગત લખી તે વાંચી છે. ઘણો ભાગ તેનો જાણવામાં છે. તથાપિ ચિત્ત તેમાં જરાય પ્રવેશ કરી શકતું નથી, અને તે વિષેનું વાંચવું, સાંભળવું કદાપિ ચમત્કારિક હોય, તોપણ બોજારૂપ લાગે છે. થોડી પણ તેમાં રુચિ રહી નથી.

અમને તો માત્ર અપૂર્વ એવા સત્‌ના જ્ઞાન વિષે જ રુચિ રહે છે. બીજું જે કંઈ કરવામાં આવે છે, કે અનુસરવામાં આવે છે, તે બધું આસપાસનાં બંધનને લઈને કરવામાં આવે છે.

હાલ જે કંઈ વ્યવહાર કરીએ છીએ, તેમાં દેહ અને મનને બાહ્ય ઉપયોગ વર્તાવવો પડે છે. આત્મા તેમાં વર્તતો નથી. ક્વચિત્ પૂર્વકર્માનુસાર વર્તાવું પડે છે તેથી અત્યંત આકુળતા આવી જાય છે. જે કંઈ પૂર્વે નિબંધન કરવામાં આવ્યાં છે, તે કર્મો નિવૃત્ત થવા અર્થે, ભોગવી લેવા અર્થે, થોડા કાળમાં ભોગવી લેવાને અર્થે, આ વેપાર નામનું વ્યાવહારિક કામ બીજાને અર્થે સેવીએ છીએ.

હાલ જે કરીએ છીએ તે વેપાર વિષે મને વિચાર આવ્યા કરેલ, અને ત્યાર પછી અનુક્રમે તે કામની શરૂઆત થઈ ત્યારથી તે અત્યાર સુધીમાં કામની દિન પ્રતિદિન કંઈ વૃદ્ધિ થયા કરી છે.

અમે આ કામ પ્રેરેલું માટે તે સંબંધી....બને તેટલું મજૂરી જેવું કામ પણ કર્યાનું રાખ્યું છે. કામની હવે ઘણી હદ વધી ગયેલી હોવાથી નિવૃત્ત થવાની અત્યંત બુદ્ધિ થઈ જાય છે. પણ....ને દોષબુદ્ધિ આવી જવાનો સંભવ; તે અનંત સંસારનું કારણ....ને થાય એમ જાણી જેમ બને તેમ ચિત્તનું સમાધાન કરી તે મજૂરી જેવું કામ પણ કર્યા જવું એમ હાલ તો ધાર્યું છે.

આ કામની પ્રવૃત્તિ કરતી વખતે જેટલી અમારી ઉદાસીન દશા હતી તેથી આજ વિશેષ છે. અને તેથી અમે ઘણું કરીને તેમની વૃત્તિને ન અનુસરી શકીએ એવું છે; તથાપિ જેટલું બન્યું છે તેટલું અનુસરણ તો જેમ તેમ ચિત્ત સમાધાન કરી રાખ્યા કર્યું છે.

કોઈ પણ જીવ પરમાર્થને ઇચ્છે અને વ્યાવહારિક સંગમાં પ્રીતિ રાખે, ને પરમાર્થ પ્રાપ્ત થાય એમ તો કોઈ કાળે બને જ નહીં. આ કામની નિવૃત્તિ પૂર્વકર્મ જોતાં તો હાલ થાય તેવું દેખાતું નથી.

આ કામ પછી 'ત્યાગ' એવું અમે તો જ્ઞાનમાં જોયું હતું; અને હાલ આવું સ્વરૂપ દેખાય છે. એટલી આશ્ચર્યવાર્તા છે. અમારી વૃત્તિને પરમાર્થ આડે અવકાશ નથી, તેમ છતાં ઘણો ખરો કાળ આ કામમાં ગાળીએ છીએ; અને તેનું કારણ માત્ર તેમને દોષબુદ્ધિ ન આવે એટલું જ છે; તથાપિ અમારી વર્તના જ એવી છે, કે જીવ તેનો જો ખ્યાલ ન કરી શકે તો તેટલું કામ કરતાં છતાં પણ દોષબુદ્ધિ જ રહ્યા કરે.

*

## પત્રાંક - ૩૪૦

મુંબઈ, ફાગુણ સુદ ૧૫, રવિ, ૧૯૪૮

જેમાં ચાર પ્રશ્ન લખવામાં આવ્યાં છે તે, તથા સ્વાભાવિક ભાવ વિષે જિનનો જે ઉપદેશ છે તે વિષે લખ્યું છે, તે પત્ર ગઈ કાલે પ્રાપ્ત થયું છે.

લખેલાં પ્રશ્નો ઘણાં ઉત્તમ છે, જે મુમુક્ષુ જીવને પરમ કલ્યાણને અર્થે ઊગવા યોગ્ય છે. તે પ્રશ્નોના ઉત્તર હવે પછી લખવાનો વિચાર છે.

જે જ્ઞાને કરીને ભવાંત થાય છે, તે જ્ઞાન પ્રાપ્ત થવું જીવને ઘણું દુર્લભ છે. તથાપિ તે જ્ઞાન, સ્વરૂપે તો અત્યંત સુગમ છે, એમ જાણીએ છીએ. તે જ્ઞાન સુગમપણે પ્રાપ્ત થવામાં જે દશા જોઈએ છે, તે દશા પ્રાપ્ત થવી ઘણી ઘણી કઠણ છે; અને એ પ્રાપ્ત થવાનાં જે બે કારણ તે મળ્યા વિના જીવને અનંતકાળ થયાં રખડવું પડ્યું છે, જે બે કારણ મળ્યે મોક્ષ હોય છે. પ્રણામ.

*

## વિનમ્ર અપીલ


"સ્વાનુભૂતિપ્રકાશ" માસિક પત્રિકા છેલ્લા ૨૫ વર્ષથી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની પ્રેરણાથી હિન્દી તથા ગુજરાતીમાં સૌને ભેંટ મોકલવામાં આવે છે. જેની પાછળ કોઈને કોઈ પાત્ર જીવના આત્મકલ્યાણની એકમાત્ર વિશાળ ભાવના નિહિત છે.

જો આ પત્રિકાનો આપને ત્યાં અથવા આપની આસપાસના સમુદાયમાં સદ્‌ઉપયોગ ન થઈ શકતો હોય અથવા સંભવિત અવિનય કે અશાતના થતી જણાય તો અમોને જાણ કરવા વિનંતી અથવા એડ્રેસ સહિત જે તે પત્રિકા અમોને પરત મોકલી આપવી કે જેથી કરી તે સરનામા ઉપર પત્રિકા મોકલવી બંધ કરી શકાય. ટ્રસ્ટની આ વ્યવસ્થામાં આપનો સહકાર અપેક્ષિત છે.

આભાર

સંપર્કઃ શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ
નીરવ વોરા મોઃ ૯૮૨૫૦૫૨૯૧૩

## ‘ગુરુ ગુણ સંભારણા’માંથી ‘પૂજ્ય ગુરુદેવ’શ્રી પ્રતિ ‘પૂજ્ય બહેનશ્રી’ના ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગાર



પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તો તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ જેવી મહામંગળકારી, આનંદ ઉપજાવનારી હતી. આવી વાણીનું શ્રવણ જેમને થયું તે બધા ભાગ્યશાળી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અને પૂજ્ય ગુરુદેવશ્રી તો આ કાળનો એક અચંબો હતાં. બહારનો અભ્યાસ તો જીવોને અનાદિથી છે પરંતુ ચૈતન્યનો અભ્યાસ તો આ કાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ઘણાં વર્ષો સુધી કરાવ્યો છે. તેમની વાણી રસબસતી–કસદાર હતી. તેમના અંતરમાં શ્રુતની ધારા અને તેમની વાણીમાં પણ શ્રુતની ગંગા વ્હેતી હતી. તેમની મહા આશ્ચર્યકારી મુખમુદ્રા-શાંતરસ ઝરતી. તેમનાં નયન ઉપશમરસ ભરપૂર. અહો ! પૂજ્ય ગુરુદેવશ્રી તો ભરતનું સૌભાગ્ય હતાં, ભરતક્ષેત્ર ભાગ્યશાળી કે પૂજ્ય ગુરુદેવ અહીં વિદેહથી સીધા પધાર્યા. સૌરાષ્ટ્ર ભાગ્યશાળી જૈનસમાજ મહાભાગ્યશાળી. પૂજ્ય ગુરુદેવશ્રીએ સાચું જિનશાસન પોતે પ્રગટ કર્યું. પ્રસિદ્ધપણે સમજાવ્યું. અને આવો કાળ તો કોઈક કાળે આવે છે. અહો! આ સોનગઢમાં તો ૪૫-૪૫ વર્ષ સુધી મુશળધાર વરસાદની માફક મિથ્યાત્વના બાઝી ગયેલા ચીકણા સેવાળ જેવા પાપભાવને ઉખેડી નાખવા ઝંઝાવાતી વાયરાની જેમ પૂજ્ય ગુરુદેવશ્રીએ સમ્યક્‌શ્રુતની પ્રભાવના કરી હતી. તેમની કૃપા આપણાં ઉપર સદૈવ હતી. આપણે તો તેમના દાસ છીએ. અરે દાસ તો શું? દાસાનુદાસ જ છીએ. (૩)

*

ગુરુદેવનું જેટલું કરીએ તેટલું ઓછું છે. ગમે તેટલું કરીએ પણ ઓછું છે. જે કરીએ તે ભાવથી કરવાનું છે, સૌ ભાવથી કરે છે.

‘‘શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન‘‘ પ્રભુના ચરણકમલને શું ધરું ! આત્માથી બધું ઓછું છે. તેમનાં ચરણોને આધીન વર્તું છું. મન-વચન-કાયાથી તેમના ચરણની અર્પણતા કરીએ. તન-મન-ધનથી જે કરીએ તે ઓછું છે.

હે પ્રભુ ! તમારા ગુણોને કોણ ગાઈ શકે ! તમારી ભક્તિ હું શી રીતે કરું !

ઈન્દ્રો કહે છે કે પ્રભુ ! હું તમારા ગુણ-ગાન ગાઈ શકતો નથી. તેમ પૂજ્ય ગુરુદેવે જે કર્યું છે તેને ભાષામાં કે વાણીમાં કહેવું ઓછું છે. ગુરુદેવે ઠેર ઠેર યાત્રાઓ, પ્રતિષ્ઠાઓ ને અપૂર્વ તત્ત્વ વરસાવ્યું છે તેની પાસે બધું ઓછું છે. ગુરુદેવનું દ્રવ્ય મંગળ હતું. તેમના ચૈતન્યની મંગળ પ્રભા ચારેકોર પ્રસરી રહી હતી, પૂજ્ય ગુરુદેવ ગયા પણ તેમની મંગળતા મૂકતા ગયા છે. વાણીમાં તેમની મંગલ પ્રભા રહી ગઈ ! તેમની વાણીમાં દેશનાલબ્ધિ હતી. તેમની મંગલ પ્રભા જ્યાં પથરાયેલી હોય તે મળવું મુશ્કેલ છે. (૫)

ગુરુદેવ અહીં બિરાજે છે તેમ માનવું. ઘણાં વર્ષો સુધી અહીં બિરાજ્યા છે. અહીંનાં રજકણો પોકાર કરી રહ્યાં છે. અહીં તેમની વાણી છે. વચ્ચે થોડો કાળ ગુરુ વિનાનો આવી ગયો. તે પુરાઈને પૂરો થઈ જશે.

ગુરુદેવ હાથમાં આવ્યા, હવે છૂટવાના નથી. બહારની સમીપતા અંદરની સમીપતાને પોકારી રહી છે. ચૈતન્ય-ચૈતન્યના પોકાર – ગુરુદેવના પોકાર ચૈતન્ય સમીપ લઈ જાય છે. ચૈતન્યના સંસ્કાર જેણે અંદર પાડ્યા છે, ચૈતન્યનું સિંચન ઊંડું કરી ગયા છે તે સિંચનના પોકાર અંદરથી જવાબ દીધા વગર રહેશે નહીં.

ગુરુદેવે એક દિવસ-બે દિવસ નહિ, વર્ષોસુધી નિરંતર સિંચન કર્યું છે. એવું કર્યું કે ચૈતન્યની વાડી સુકાય નહિ. વાડી ભીની – રસબસતી છે તે વાડી સુકાય નહિ પણ ખીલી નીકળે. જેણે અંદરથી ગ્રહણ કર્યું હોય તેને બહારથી પાણી ન મળે તોપણ તે અંદરથી સુકાય નહિ.

આવા ગુરુ મળ્યા, ચૈતન્યની અપૂર્વતા બતાવી, તે અપૂર્વતા ગ્રહણ થાય તો શિષ્ય થયા પછી ભૂલ કેમ રહે? ખરો દાસ હોય તેને અપૂર્વતા લાગે. તેના ચરણમાં મન-વચન-કાયાથી જેણે અર્પણતા કરી છે તે ખરો દાસ છે, તે માર્ગે ચાલ્યાં વિના રહે નહિ. (રહી શકે નહિ) ''શું પ્રભુ ચરણ કને ધરું....'' અર્પણતા થાય તો તૈયારી થયા વિના રહે નહિ. ખરું દાસત્વ એને કહેવાય કે ગુરુ મળ્યા પછી ભવ રહે નહિ. (રહી શકે નહિ) (૬)

*

રોજ સવારે હવે પૂજ્ય ગુરુદેવની ટેપ વાગે છે. ''મૈં હી પરમાત્મા હૂં.... મૈં હી પરમાત્મા હૂં....'' એ વાગે ત્યારે એમ જ લાગે કે ગુરુદેવ રોજ આવીને ગગનમાં વાણી વરસાવી જાય છે -- એવું લાગે છે. (૭)

*

પૂજ્ય ગુરુદેવશ્રી દ્રવ્ય-દ્રષ્ટિની વાત કેટલી નિઃશંકતાથી જોરદાર કરે છે. તેથી તેમનું તીર્થંકરનું દ્રવ્ય નક્કી થાય છે. વર્તમાનમાં કેટલો પ્રભાવ દેખાય છે. દ્રવ્યદ્રષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જાય છે. (૧૩)

*

પૂજ્ય ગુરુદેવની વાણીની ગર્જનાથી ગુંજન કરતું સોનગઢ બોલતું તીર્થ છે. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવનાનો ઉદય કોઈ અપૂર્વ... પરમાગમમંદિરની પ્રતિષ્ઠા... મહાવીર ભગવાન પધાર્યા, જાણે ઉત્સવ લઈને આવ્યા હોય. ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ... ગામોગામ ઉત્સવ થતો. ધર્મચક્ર ગામેગામ નીકળ્યાં... ધર્મચક્ર જાણે ભગવાન સાથે હોય અને વિહાર કરતું હોય તેવું લાગતું. પ્રભાતફેરી નીકળતી.પરમાગમમંદિરમાં ભજનની રેકોર્ડ વાગ્યા જ કરતી. ભગવાન ધ્વનિ સાથે લઈને આવ્યા ને શ્રુત પણ સાથે લઈને આવ્યા. ભગવાન વિહાર કરતાં, દિવ્યધ્વનિ છૂટતી હોય તેમ વાણી લઈને સોનગઢમાં પધાર્યા અને એ વાણી ભીંતમાં કોતરાઈ ગઈ. કર્તા-કર્મ, જ્ઞેય-જ્ઞાયક બધું ધ્વનિરૂપે ભીંતમાં ચોંટી ગયું. ભગવાનની વાણી અહીં આવી સ્થિર થઈ ગઈ. પરમાગમને આવું સ્પષ્ટ ને ખૂલ્લું કરનાર ગુરુદેવ જ છે.

અત્યારે પૂજ્ય ગુરુદેવ જ્ઞાતા-જ્ઞાતાના પોકાર કરે છે. બધાનો ફેંસલો કરીને સીધા રસ્તે, વિકલ્પ વગરનો નિર્વિકલ્પ આત્મા બતાવે છે. (૨૦)



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’ માંથી પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ભક્તિપૂર્ણ હ્રદયોદ્‌ગાર

‘પૂજ્ય ગુરુદેવ’નું સ્મરણ આ સમયે પણ આવી રહ્યું છે અને આંખમાંથી ગરમ આંસુ વહી રહ્યાં છે કે તેમના સંગમાં રહેવાનું થતું નથી. તેમની અસંગરુચિનો (અથવા સ્વસંગનો) ઉપદેશ કાનમાં ગૂંજી રહ્યો છે અને તેની રમણતાથી જ અહીંની ઉપાધિઓ ઢીલી સરખી બની રહે છે. એ દિવસની પ્રતીક્ષામાં છું કે, ક્યારે એ ગર્જતી દિવ્યમૂર્તિનાં ચરણોમાં જલદી હું પોતાને પામું ! (પત્રાંશ-૪)

*

હે ‘ગુરુદેવ’ ! લોકોત્તર લાભ માટે આપનાં વચનો પર શ્રદ્ધા રાખી છે. આશીર્વાદ દેતું આપનું મોહક ચિત્ર નિહાળ્યું છે. આપના આશીર્વાદથી પૂર્ણ આનંદમયી નિધિને પ્રાપ્ત કરી લઉં અને અનંત પદાર્થોના ત્રણે કાળના અનંતા ભાવો વર્તમાન એકેક ભાવથી અવિચ્છિન્ન પ્રત્યક્ષ થતા રહે એવી તીવ્ર અભિલાષા છે. દરિદ્રીને ચક્રવર્તીપણાની કલ્પના હોતી નથી. પામર દશાવાળાને ‘હું ભગવાન છું, હું ભગવાન છું’ એવું રટણ લગાડવું તે, હે પ્રભો ! આપ જેવા અસાધારણ નિમિત્તનું જ કાર્ય છે. પરિણતિ માટે આત્મા જ નિમિત્ત હો અથવા ભગવાન-ભગવાન એવો ગુંજારવ કરતા આપ નિમિત્ત હો, બીજાનો સંગ નહીં - એ જ ભાવના.’ (પત્રાંશ-૨૬)

*

અહીં તો પૂજ્ય ‘ગુરુદેવે’ આત્મગઢમાં વાસ કરાવીને પ્રસાદ ચખાડ્યો છે, તેથી ક્ષણિક વિકલ્પો પણ સહજ ભુલાઈ જાય છે. કહું છું કે હે વિકલ્પાંશ ! તારા સંગે અનાદિથી દુઃખોનો અનુભવ કરતો આવ્યો છું. હવે તો પીછો છોડ ! જો થોડો સમય રહેવા જ ઈચ્છતો હો તો સર્વસ્વના આપનારા પરમ ઉપકારી ‘શ્રી ગુરુદેવ’ની ભક્તિ-સેવા ગુણાનુવાદમાં જ તેમની નિકટ જ વર્ત ! આ ક્ષેત્રમાં તો (વિકલ્પ) અધિક દુઃખદાયી છે, કેમ કે ‘ગુરુદેવે’ તેની ઉપેક્ષા કરાવીને તેનાથી વિમુખ બનાવી દીધો છે; તેથી આ (વિકલ્પ) પણ લંબાઈ ને સાથ આપતો નથી. (પત્રાંશ-૪૨)

*

પરમકૃપાળુ ‘ગુરુદેવશ્રી’ના મુખારવિંદથી મારા સંબંધમાં નીકળેલા સહજ ઉદ્‌ગારો આપને અમુક-અમુક સ્થળોના ભાઈઓથી જાણવા મળ્યા તે તમે બધાયે સ્વાભાવિક પ્રસન્નતા અને ઉત્સાહપૂર્વક મને લખ્યા તે જાણ્યા.

‘મુક્તિનાથ’ની આ દાસ પ્રત્યે સહજ કૃપાદ્રષ્ટિ એ વાતની દ્યોતક છે કે, અતિ ઉમંગ-ભરી મુક્તિસુંદરી અપ્રતિહત ભાવે, મારા જેવા કૃતકૃત્યની સાથે મહા આનંદમયી, અસ્ખલિત, પરમ ગાઢ આલિંગનયુક્ત રહીને શીઘ્રાતિશીઘ્ર કૃતકૃત્ય થવા ઈચ્છે છે.

‘પરમ પિતાશ્રી’એ આપણા બધા પુત્ર મંડળને અતૂટ લક્ષ્મીભંડાર (દ્રષ્ટિરૂપી ચાવી દ્વારા ખોલીને) ભોગવવા માટે પ્રદાન કર્યો છે. એને નિત્ય ભોગવો, નિત્ય ભોગવો એ જ ભાવના છે. (પત્રાંશ-૫૧)

*

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૩૪માં મંગલકારી જન્મોત્સવની ખુશાલીમાં તેમના છ ઢાળા ઉપર થયેલ વૈરાગ્યમય ભાવવાહી શબ્દશઃ પ્રવચનોના ત્રણ ભાગનો સેટ જિજ્ઞાસુને ટ્રસ્ટ દ્વારા ભેંટ મોકલવામાં આવશે.**




## વિશેષ અનુરોધ

મંદિરો, મુમુક્ષુમંડળ, પાઠશાળા વગેરેના સંચાલકોને અમારો અનુરોધ છે કે સ્વાધ્યાય પ્રેમી મુમુક્ષુઓ માટે સરળ ભાષામાં હોવાથી આ પ્રવચનો વિશેષ ઉપકારી થાય તેમ છે જેથી આવશ્યકતા હોય તો આપના ગ્રંથાલય માટે વધુ સંખ્યામાં પણ મંગાવી શકો છો.

– સંપર્ક –
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**
શ્રી નીરવ વોરા મો : ૯૮૨૫૦ ૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2021-2023*
*RENEWED UPTO : 31/12/2023*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition :
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041